58th Annual Report 2021-22

Bank's New Branch
at **BHURAVAV CHOKDI**
GODHRA





સહકારથી સમૃદ્ધિ

Azadi Ka Amrit Mahotsav

THE GODHRA URBAN CO-OP. BANK LTD.

Estab. : 18-11-1963 Reg. No. 4091 RBI Licence No. UBDGJ-791P 22/12/1986

Head Office : Rana Vyas Marg, Nr. Bethak Mandir, GODHRA 389 001.
Phone : 251435, 241571, 247492 Fax:. 251435

Branch : Bhuravav Chokdi Rasta, Lunawada Highway, Godhra 389 001.
Phone : (02672) 296755

PROUDLY CO-OPERATIVE

2012 International Year of Cooperatives



















બાન્કો દ્વારા ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ માં ટોપ મેનેજમેન્ટ ના એવોર્ડ પ્રાપ્ત થયેલ તેના ફોટા.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની જન્મદિન નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પ તથા નોટબુક વિતરણ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી સી.કે. રાઉલજી સાથે.

સહકાર સંમેલનના ગુજરાત રાજ્ય ભાજપ અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલ સાહેબ સાથે.

માન. ધારાસભ્ય અને ડે.સ્પીકર શ્રી જેઠાભાઇ ભરવાડ સાહેબ.

રાજ્ય કક્ષાના આરોગ્ય મંત્રી માન. શ્રીમતિ નિમિષાબેન સુથાર તથા ભાજપ માઇનોરીટી અધ્યક્ષ સુફી બાબા સાથે શુભેચ્છા મુલાકાત



Bank Award 2020

Bank Award 2021















ગોધરા શહેરમાં ભુરાવાવ સ્થિત નવી બ્રાન્ચનું ઉદ્‌ઘાટન

બોર્ડ ઓફ ડાયરેકટર્સ



ડૉ. ઈસુફી એ. સાહેરવાલા
વાઇસ ચેરમેન

મુસ્તુફા એચ. પુનાવાલા
ચેરમેન



ભુપેન્દ્ર આર. શાહ
ડીરેક્ટર - ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ



તસ્નીમ એમ. પુનાવાલા
ડીરેક્ટર



અજીમા ઓ. જીનવાલા
ડીરેક્ટર - એડવોકેટ



નીતા એ. પરમાર
ડીરેક્ટર



ડૉ. જમીલા એ. મક્સુદ
ડીરેક્ટર



મીકાઇલ એમ. લોખંડવાલા
ડીરેક્ટર



મો. જાવેદ એ. ફોદા
ડીરેક્ટર



રમીલાબેન એસ. નાયક
ડીરેક્ટર



અસગરી એન. સાહેરવાલા
એમ.ડી. - સી.ઈ.ઓ.



ફીદાઅલી એમ. અંતેલાવાલા
મેનેજર

વંદે માતરમ્

ચેરમેનશ્રી નું નિવેદન



પ્રિય વડીલ મિત્રો, સભાસદો, ખાતેદારો,

સહકારી આંદોલનને વેગ આપવા આઝાદીના ૭૫ વર્ષ બાદ ભારતના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સહકાર મંત્રાલયની કમાન શ્રી અમિતભાઇ શાહને સોંપવામાં આવી. સહકારી ચળવળને મજબૂત કરવા એક અલગ વહીવટ, કાનુની અને નિતીગત માળખું પુરુ: પાડવું, સહકારી સંસ્થાઓને પાયાના સ્તર સુધી પહોંચતા લોકો આધારિત ચળવળ તરીકે સહકાર આપવા અને સહકાર માટે વેપારમાં સરળતા અને સહકારથી સમૃધ્ધિ એ મુખ્ય મંત્ર છે.

ધી ગોધરા અર્બન કો. ઓપ. બેન્કની સહકારી સિદ્ધાંતોને વળગી સમાજના નીચલાથી ઉપલા વર્ગ સુધીના દરેક સંપ્રદાયનાં વિકાસ માટે પારદર્શિત અને પ્રમાણિકપણે કાર્યરત હોઇ, પરિણામ સ્વરૂપ ૩૧/૦૩/૨૦૨૨ નો કાયો નફો રૂા.૨,૬૨,૦૧,૭૧૮.૪૦ કર્યો જેના માટે બેન્કના તમામ ખાતેદારો, સભાસદો અને કર્મચારીગણોનો ખુબજ હૃદયપૂર્વક આભાર વ્યકત કરૂં છું.

મિત્રો છેલ્લા પંદર વર્ષથી બેન્ક દ્વારા અપાચેલા ગ્રાહકલક્ષી સેવામાં સુરક્ષા, ત્વરિતતા અને તત્પરતામાં વધારો કરવામાં આવ્યો. અવિરત ગ્રાહકલક્ષી સેવાઓથી બેન્કને સુદ્રઢ અને ગ્રાહક સેવાઓ ને સુરક્ષિત બનાવવામાં આવી. ખાતેદારોને ત્વરિત સેવાનાં માધ્યમથી વિશ્વાસ સંપાદન કરી બેન્કની પ્રગતિમાં નોંધપાત્ર વધારો કર્યો પરિણામ સ્વરૂપ ડિજીટલ ગ્રાહકલક્ષી સેવાઓ નગરજનોને મળી રહે તે હેતું થી ભુરાવાવ ચોકડી ખાતે નવી શાખા ખોલવામાં આવી.

ગ્રાહકલક્ષી સેવાઓ સુરક્ષિત રીતે પ્રદાન કરી શકાય તે હેતુ થી આધુનિક ટેકનોલોજી અપનાવી તેમાં અપગ્રેડેશન કરવું અનિવાર્ય છે. આ કાર્ય પર સંસ્થાની મેનેજીંગ કમિટી સતત ધ્યાન આપતી હોય છે. બેન્કમાં ડિજીટલ સેવાઓ પર વિશેષ ધ્યાન આપતી કર્મચારીઓની ટીમનો આ પ્રસંગે વિશેષ આભાર માનુ છું. ગ્રાહકોની ડિજીટલ સર્વિસમાં ગ્રાહકોની સુરક્ષાને ધ્યાનમાં લઇ સંસ્થા દ્વારા કોઇપણ પ્રકારની કચાસ રાખવામાં આવતી નથી. CBS ને સુરક્ષિત બનાવવા 2 ફેકટર ઓથોન્ટીકેશન બાયોમેટ્રીક ઓથોન્ટીકેશન પણ અપનાવે છે. સાયબર ફ્રોડ ને અટકાવવા માટે સંસ્થા દ્વારા નિયમિતપણે બેન્ક પ્રિમાઇસિસમાં સોશિયલ મીડીયાના માધ્યમથી ગ્રાહકોને જાગૃત કરવામાં આવે છે.

કર્મચારીઓએ ગ્રાહકલક્ષી સેવામાં ખંત અને નિષ્ઠા દર્શાવી સેવાની નિયમિતતા, ત્વરિતતા અને તત્પરતા દર્શાવી ગ્રાહકોનો પ્રેમ અને વિશ્વાસ સંપાદન કર્યો જેને પરિણામે બેન્કની પ્રગતિમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો. આ પ્રસંગે આપના સંસ્થાના દરેક કર્મચારીને હૃદયપૂર્વક આભાર માનું છું.

બેન્કના ધીરાણમાં પારદર્શિતા, પ્રમાણિકતા, ચોકસાઇપૂર્વક કરવામાં આવતું હોય જેમાં મેનેજીંગ કમિટીના તમામ સભ્યો આ સંદર્ભે રસ દાખવી પોતાના અંગત અભીપ્રાયો આપી સંસ્થાના ધીરાણને સુરક્ષિતતા પ્રદાન કરે છે. આ પ્રસંગે વાઇસ ચેરમેન ડૉ. ઇસુફીભાઇ સાહેરવાલા તથા તમામ ડાયરેકટરોનો આભારી છું. મેનેજીંગ કમિટીના તમામ સભ્યો અને બેન્કના કર્મચારીગણની ગ્રાહકલક્ષી કાર્યશૈલીના પરિણામસ્વરૂપ BANCO દ્વારા સંસ્થાને ૨૦૧૯-૨૦૨૦ તથા ૨૦૨૦-૨૦૨૧ માં મૈસુર તથા લોનાવાલા મુકામે TOP Management નો એવોર્ડ પ્રાપ્ત થયો.

બેન્કના CEO શ્રી સાહેરવાલા અને મેનેજર શ્રી અંતેલાવાલા પોતાના વિશાળ જ્ઞાનનો સંસ્થાના હિતમાં અસરકારક ઉપયોગ કરી સંસ્થાની સફળતામાં અમૂલ્ય ફાળો આપે છે. આ પ્રસંગે એમનો આદર કરૂં છુ. વર્ષ દરમ્યાન RBI ના અધિકારીઓ, જિલ્લા રજીસ્ટ્રારશ્રી, ઓડિટરશ્રી એ આપેલ સહરાર બદલ આભાર વ્યકત કરૂં છું.

વડીલો, મિત્રો, સંસ્થાની પ્રગતિમાં દરેક સંપ્રદાયના, સમાજના પાયા થી માંડી ઉચ્ચ સ્તરના તમામ ખાતેદારો ના મારા ઉપર મૂકેલા વિશ્વાસને ખુબજ ખંત અને નિષ્ઠાપૂર્વક નિભાવીશ મારી જવાબદારીમાં પુરેપુરી સભાનતા, પારદર્શિતા, પ્રમાણિકતા અને ચોકસાઇ દ્વારા આપ સૌ એ મુકેલી વિશ્વાસરૂપી થાપણોને સુરક્ષા પ્રદાન કરવામાં મારી કાર્યક્ષમતાનો મહત્તમ ઉપયોગ કરીશ અને આપ સૌએ મુકેલી થાપણોને સુરક્ષિત રાખવા માં કોઇ કચાસ છોડું નહીં એ મારૂં વચન છે.

આપ સૌના અપાર સ્નેહ ખુબજ લાંબા સમયથી સંસ્થાને મળતો રહ્યો છે. પરિણામ સ્વરૂપ સંસ્થાએ પ્રગતિની નવી ઉંચાઇ ના શીખર સર કરેલ છે. આપના સ્નેહ અને આશિર્વાદ ભવિષ્યમાં નિરંતર મળી રહેશે એવી અપેક્ષા રાખું છું.

સંસ્થાને આર્થિક રીતે ખુબ જ મજબુત, વિવિધ ગ્રાહકલક્ષી સેવાઓ ગ્રાહકોના વ્યવહારોમાં સરળતા અને ત્વરિતતા મળી રહે અને ખાતેદારોની થાપણો સુરક્ષિત બનાવવાની ઇશ્વર મને તાકાત આપે એવી અપેક્ષાએ....

ભારતમાતા કી જય
જય જય ગરવી ગુજરાત

આપનો વિશ્વાસુ.
મુસ્તુફા એચ. પુનાવાલા
(ચેરમેન)

Vande Matram



Dear Friends,

*The Co-operative banking sector in India is gaining a very strong base and momentum under the leadership of our Prime Minister Shri Narendrabhai Modi who established the **Sahakar Mantralaya** under the tutelage of Shri Amitbhai Shah.*

The world is slowly trying to come out of the shadows of pandemic and financial crisis which has gripped the world and in these trying times our bank has made the gross profit of Rs.1,31,51,718.40. For this commendable task I am grateful to my Share Holders, Account Holders and my employeeswho have kept the spirit soaring.

For the past fifteen years our aim was always to upgrade the present system and adopt new technologies for the benefit of our customers to ease their hardship. Keeping this uppermost in our minds and to offer our digital services to a large section of the society we opened a branch at Bhuravav Chokdi.

When you implement something new you have to upgrade it from time to time and I have to compliment our special team under the leadership of Shri Fidaali M Antelawala for this. The Board of Directors has been the constant backbone and spirit behind this venture.

A word of praise and commitment showed by our CEO Shri Asgari N Saherwala and Vice ChairmanShri Dr. Esufibhai Saherwala and all our Board of Directors who have shown their keen interest in all aspect of banking and how to take steps in giving the minimum hassle free services to the customers.

A word of praise for the staff members will be too short for the diligence they have showed to their work.

I would like to thank the RBI officers, District Registrar, Auditors and our customers coming from diverse background and puting their trust in us.

To end on a sound note I would continue to bring in new technologies for the benefit of our customers from time to time and make the institution financially stronger with superior service.

Mustufa H. Poonawala
Chairman

૫૮ મી વાર્ષિક સાધારણ સભાની

નોટીસ

આથી બેંકના સભાસદોને જણાવવાનું કે બેંકની ૫૮ મી વાર્ષિક સાધારણ સભા તારીખ ૨૭/૦૮/૨૦૨૨ ને શનિવાર ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે હૈદરી કો.ઓપ. હાઉસીંગ સોસાયટી, ગોધરામાં નીચે જણાવેલ કાર્યો માટે રાખવામાં આવી છે માટે મીટીંગમાં પધારવા વિનંતી છે.

ખાસ નોંધ : સમગ્ર દેશમાં ચાલી રહેલી મહામારી કોવિડ–૧૯ની પ્રવર્તમાન પરિસ્થિતીને ધ્યાનમાં રાખી સરકારશ્રીના આદેશ મુજબ બેંકની વાર્ષિક સામાન્ય સભામાં પ્રવેશતા પૂર્વે દરેક સભાસદનું થર્મલ ગન દ્વારા ટેમ્પરેચર ચેક કર્યા બાદ જ પ્રવેશ આપવામાં આવશે તેમજ દરેક સભાસદે પ્રવેશ પૂર્વ સેનેટાઇઝ થઇ પ્રવેશ કરવો (વધારે ટેમ્પરેચર વાળા સભાસદને પ્રવેશ આપવામાં આવશે નહીં) દરેક સભાસદએ સભામાં ફરજીયાત માસ્ક પહેરીને આવવા તથા સોશ્યલ ડીસ્ટન્સ જાળવવાનું રહેશે.

એજન્ડા

(૧) ગઈ સાધારણ સભાનું પ્રોસીડીંગ વાંચી મંજુર કરવાનું કામ.

(૨) તા. ૩૧-૦૩-૨૦૨૨ ના રોજ પુરા થતા વર્ષના બેંકના હિસાબો મંજુર કરવાનું કામ તથા બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સે કરેલ નફાની ફાળવણીને બહાલી રાખવાનું કામ.

(૩) સને ૨૦૨૨-૨૩ વર્ષ માટે બેંકના હિસાબોનું કનકરણ ઓડીટ કરવા ઓડીટરશ્રીની નિમણુંકને બહાલ રાખવાનું કામ.

(૪) નફામાંથી કરેલ પ્રોવીઝનને બહાલ રાખવાનું કામ.

(૫) બેંકના પેટાનિયમમાં સુધારા-વધારા કરવાનું કામ.

(૬) વ્યવસ્થાપક કમિટીની ખાલી પડેલ જગ્યા ભરવા કરેલ ચુંટણી નું પરીણામ જાહેર કરવા તથા તેને બહાલ રાખવાનું કામ.

(૭) પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઈ કામ હાથ પર લેવામાં આવે તે કામ.

તારીખ :- ૨૦/૦૭/૨૦૨૨
સ્થળ :- ગોધરા

મુસ્તુફા એચ. પુનાવાલા
ચેરમેન

નોંધ :

(૧) સભાના દિવસે સવારે ૯.૦૦ કલાકે કોરમ નહી થાય તો કોરમના અભાવે મુલત્વી રહેલી સભા અર્ધા કલાક પછી તેજ દિવસે તેજ જગ્યાએ ઉપર જણાવેલા કામકાજ માટે રાખવામાં આવશે. અને તેમાં થયેલ કામકાજ કાયદેસર ગણાશે.

(૨) સભાસદોને હિસાબો સબંધી માહિતી કે ખુલાસા જોઈતા હોય તો વાર્ષિક સાધારણ સભાના ૭ (સાત) દિવસ અગાઉ લેખીતમાં જણાવવા વિનંતી છે. તે સિવાય અરજી ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં. તેની ખાસ નોંધ લેવી.

(૩) સભાસદ સિવાય અન્ય કોઈને પ્રવેશ મળશે નહિં.

(૪) જે સભાસદને અહેવાલ જોઈતો હશે તો બેંકની ઓફીસમાંથી કામકાજના સમય દરમ્યાન નિયત સમય મર્યાદામાં મેળવી શકે છે.

ઓડિટર રીપોર્ટ

૧. આપની બેન્કના હિસાબી વર્ષ ૨૦૨૧-૨૦૨૨ ના ત્રિમાસિક ધોરણે ના સ્ટેચ્યુટરી ઓડીટર તરીકે RBI. AMD. DOS. MAG, ACG & LEGAL. NO. 5816/02-16-028/2021/2022 DATED 16.09.2021 થી અમારી નિમણુંક કરવામાં આવેલ છે. હુકમની શરતોને આધીન અમારી ઓડીટ કામગીરી ત્રિમાસિક ધોરણે તા. ૦૧.૦૪.૨૦૨૧ થી તા. ૩૧.૦૩.૨૦૨૨ સુધીના સમય માટે બેન્ક દ્વારા વખતો વખત પૂરી પાડવામાં આવેલ માહિતીના આધારે પૂર્ણ કરેલ છે. આ સંસ્થાનું સરવૈયું, નફા- નુકશાન પત્રક તથા હિસાબી દફતરની ચકાસણી કરી અમો અમારા આ સાથે દર્શાવિલ હિસાબી નીતિઓ, સિધ્ધાંતો, હિસાબના નોંધો તથા અન્વેષણ નોંધના કલમ -૮૪ હેઠળના પત્રકો તેમજ અન્ય સંલગ્ન પત્રકો / સામાન્ય શેરો ને આધીન અમો નીચે મુજબ અહેવાલ રજૂ કરીએ છીએ.

હિસાબી પત્રકો તૈયાર કરવાની જવાબદારી સંસ્થાના વ્યવસ્થાપક મંડળની છે.

૨. ભારતીય બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, ૧૯૪૯ અંતર્ગત આ નાણાંકીય પત્રકો, સંસ્થાની સાચી અને વ્યાજબી નાણાકીય કામગીરી અને રોકડ પ્રવાહો રજૂ કરે છે તે રીતે તૈયાર કરવાની જવાબદારી સંસ્થાના વ્યવસ્થાપક મંડળની છે. આ જવાબદારીઓમાં, સંસ્થામાં આંતરિક અંકુશનો પ્રકાર અને તેની વ્યવસ્થા નક્કી કરવાની તેનો અમલ અને તેની જાળવણી અને તેને આધિન તૈયાર કરવામાં આવેલા નાણાંકીય પત્રકો છેતરપિંડી કે ભૂલના કારણે મહત્વના ખોટા વિધાનો તેમજ ખોટી રજૂઆતોથી મુક્ત છે. તેનો સમાવેશ થાય છે.

ઓડીટર્સ જવાબદારી

૩. અમારી આ જવાબદારી અમારા ઓડીટના આધારે આ નાણાંકીય પત્રકો અંગે અભિપ્રાય આપવાની છે. ધી ઇન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા વખતો વખત જારી કરાયેલા ઓડીટના સામાન્ય રીતે સ્વીકારેલ ધોરણો પ્રમાણે અમોએ ઓડીટ કામગીરી બજાવવાની રહે છે. આ ધોરણોની જરૂરિયાત પ્રમાણે કોઇપણ જાતના મહત્વના ખોટા વિધાનો તેમજ ખોટી રજુઅતોથી મુક્ત છે કે કેમ તે અંગેની જરૂરી ખાત્રી અમોને મળી છે.

૪. અન્વેષણની કામગીરીમાં, નાણાંકીય પત્રકોમાં દર્શાવવામાં આવેલ રકમો ખુલાસાઓના ઓડીટના પુરાવા મેળવવાની પ્રક્રિયાનો સમાવેશ થાય છે. આ પ્રક્રિયાની પસંદગીનો આધાર નાણાંકીય પત્રકોમાં છેતરપિંડી કે ભૂલના કારણે મહત્વના ખોટા વિધાનો તેમજ ખોટી રજુઆતો હોવા અંગેના જોખમ અંગે ઓડીટર્સના પોતાના અંગત મૂલ્યાંકન અને નિર્ણયો ઉપર રહેલો છે. આવા જોખમોનૂં મૂલ્યાંકન કરવા માટે ઓડીટર્સ સંસ્થાની આંતરિક અંકુશ પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને તેમજ બેન્ક દ્વારા તૈયાર કરવામાં તેમજ રજૂ કરવામાં આવેલા નાણાંકીય પત્રકોને આધિન યોગ્ય ઓડીટ પ્રક્રિયા નક્કી કરવાની હોય છે. અન્વેષણની કામગીરીમાં, સંચાલકો દ્વારા ઉપયોગમાં લેવાયેલા નામાનાં સિધ્ધાંતો તથા કરવામાં આવેલા અગત્યના અંદાજોના વ્યાજબીપણાની ચકાસણી કરવામાં આવે છે. ઉપરાંત નાણાંકીય પત્રકોની સમગ્ર તથા રજુઆતની યોગ્ય આકારણી તેમુજ મુલ્યાંકન સમાવેશ થાય છે.

૫. અમો માનીએ છીએ કે અમો દ્વારા મેળવાયેલા ઓડીટ પુરાવા અમોને નીચે મુજબ ઓડીટ અભિપ્રાય આપવા માટે પુરતો અને વ્યાજબી આધાર પૂરો પાડે છે.

ઓડીટ અભિપ્રાય

૬. અમારી માન્યતા મુજબ અને અમોને આપવામાં આવેલી માહિતીઓ અને ખુલાસાઓ મુજબ, તેમજ આ સાથે જોડેલ સામાન્ય શેરાને આધિન બેન્કના હિસાબો બેન્કીંગ રેગ્યુલેશન એક્ટ ૧૯૪૯ અંતર્ગત જરૂરી એવી માહિતીઓ પૂરી પાડે છે અને ભારતમાં પ્રવર્તમાન અને હિસાબોમાં સામાન્ય રીતે સ્વીકારાયેલ ધોરણો પ્રમાણે સુસંગત રહીને આ નાણાંકીય પત્રકો હિસાબોની સાચી અને વ્યાજબી પરિસ્થિતિ રજુ કરે છે.

(૧) જેમ કે સરવૈયાની બાબતમાં તા. ૩૧.૦૩.૨૦૨૨ ના રોજની બેન્કની નાણાંકીય સ્થિતી.

(૨) જેમ કે નફા-નુકશાન પત્રક બાબતમાં તેજ તારીખના રોજ પુરા થતા વર્ષનો બેન્કનો નફો.

અમો વધુમાં જણાવીએ છીએ, કે

(૧) અમારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ અમારા ઓડીટ માટે જરૂરી એવી સઘળી માહિતીઓ અને ખુલાસાઓ અમારા સંતોષ મુજબ અમોને પુરા પાડવામાં આવેલા છે.

(૨) બેન્ક ને આર.બી,આઇ. તરફ થી શાખાની પરવાનગી મળેલ છે. પરંતુ શાખા ચાલુ થયેલ નથી.

(૩) આ અહેવાલ સાથે રજુ કરાયેલ સરવૈયું તથા નફા-નુકશાન ખાતું, બેન્કના હિસાબી ચોપડાઓ તથા પત્રકો સાથે સુસંગત છે.

(૪) બેન્કની વ્યવ્સ્થાપક સમિતિ દ્વારા બેન્કનો વહીવટ સહકારી કાયદા કાનૂનની જોગવાઈ અને પેટા નિયમોને આધિન રહીને ચલાવવામાં આવે છે અને કાયદા-કાનુનની જોગવાઈઓનું સમિતિ દ્વારા મહદ્ધઅંશે પાલન થાય છે.

(૫) બેન્કની વ્યવસ્થાપક સમિતિ દ્વારા આર.બી.આઈ. ના વખતો વખતના સરક્યુર્લસ /ઠરાવો અને માર્ગદર્શક સૂચનાઓ વિગેરેનું મહદ્ધઅંશે પાલન કરવામાં આવે છે.

(૬) બેન્કમાં હિસાબી દફતર હિસાબો/હિસાબી પધ્ધતિ આર.બી.આઈ.ની સુચના તેમજ સહકારી કાયદાની જોગવાઈઓ અનુસાર નિભાવવામાં આવે છે.

(૭) ધી ઇન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા ઘોષિત કરાયેલ અને બેન્કને લાગુ પડતા જરૂરી એવા એકાઉર્ટીંગ સ્ટાન્ડર્ડસ મહદ્ધઅંશે પાલન થયેલ છે. બેન્કે પ્રમાણે કેશ ફલો સ્ટેટમેન્ટ બનાવેલ નથી. આ નોંધને આધિન સરવૈયું તા.૩૧.૦૩.૨૦૨૨ ના રોજની બેન્કની આર્થિક સ્થિતિનું વાસ્તવિક ચિત્ર દર્શાવે છે તેમજ સરવૈયમાં દર્શાવેલ મૂડી-દેવા અને મીલ્કત--લેણા તેમજ નફા-નુકશાનની પરીસ્તિથી વાસ્તવિક અને ખરી છે.

(૮) બેન્ક દ્વારા એસ.એલ.આર. અને સી.આર.આર. ના નિયત ધોરણ જળવાયેલ છે.

(૯) બેન્ક દ્વારા આર.બી.આઈ.ની એન.પી.એ. અંગેની ગાઈડ લાઈન મુજબ મિલકતોનું વર્ગીકરણ કરવામાં આવેલ છે. અને તે અંગે પર્યાપ્ત જોગવાઈ કરવામાં આવેલ છે.

(૧૦) અમોને મળેલ માહિતી પ્રમાણે બેન્કના વ્યવ્સ્થાપક મંડળના સભ્યોને તેમજ તેવા સભ્યોની હિત ધરાવતી તેમજ તેમના કુંટુંબીજનની હિત ધરાવતી સંસ્થાઓને /પેઢીઓને ઓડીટ સમય દરમ્યાન બેન્કની ફિક્સ ડીપોઝીટ સામે ઓવરડ્રાફ્ટ ધિરાણ આપવા સિવાય બેન્ક દ્વારા અન્ય કોઈ ધિરાણ કરવામાં આવ્યું નથી.

(૧૧) અમોને આપેલ માહિતી પ્રમાણે બેન્કના હોદ્દેદારો કે ડીરેકટરશ્રીઓ, દ્વારા સહકારી કાયદા કાનૂન કે પેટા નિયમોની જોગવાઈ મુજબની ગેરલાયકાત વ્હોરેલ નથી.

(૧૨) બેન્કના કાર્યવાહકો દ્વારા વનટાઇમ સેટલમેન્ટ યોજના કે ડીપોઝીટ સેટ ઓફ યોજના વર્ષ દરમ્યાન દાખલ કરવામાં આવી નથી. જેની આ અંગે કોઈ કિસ્સા જોવા મળેલ નથી.

(૧૩) બેન્ક દ્વારા હિસાબી સમય દરમ્યાન લેણા માંડવાળ કરવાના કિસ્સાઓ નોધાયેલ નથી.

(૧૪) બેન્ક દ્વારા કોર્ટ રાહે સમાધાન- માંડવાળના કિસ્સાઓ હિસાબી સમય દરમ્યાન નોધાયેલા નથી.

સ્થળ : ગોધરા
તારીખ : ૦૯/૦૬/૨૦૨૨

પી. જી. પટેલ એન્ડ એસોસિએટ્સ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
(ભાગીદાર)
પેનલ નંબર-૧૪૨
UDIN : 22035533AKQXGD5706

બેંકનો ચોખ્ખો નફો રૂા. ૧,૩૧,૫૧,૭૧૮.૪૦ ની ફાળવણી પેટાનિયમ ૪૨ અ, ક મુજબ નીચે પ્રમાણે કરેલ છે. બેંકના પેટા નિયમ ૪૨ અ મુજબ ફાળવણી નીચે મુજબ છે.

અ.નં.	વિગત	રકમ
૧	૨૫% લેખે રીઝર્વ ફંડ	૩૨,૮૭,૯૩૦.૦૦
૨	૨% લેખે શિક્ષણ ફંડ ચોખ્ખા નફાના	૨,૬૩,૦૩૪.૦૦
૩	૨% લેખે ડિવીડન્ડ સરભર ફંડ	૨,૬૩,૦૩૪.૦૦
૪	૧૦% લેખે શેર ભંડોળ ઉપર ડિવીડન્ડ	૧૮,૭૫,૦૦૦.૦૦
૫	૧૫% લેખે શકમંદ લેણા ફંડ	૧૯,૭૨,૭૫૮.૦૦
૬	૨૦% લેખે બિલ્ડીંગ ફંડ	૨૬,૩૦,૩૪૪.૦૦
		૧,૦૨,૯૨,૧૦૦.૦૦

ચોખ્ખા નફા પૈકી ઉપરની રકમ રૂા. ૧૦૨૯૨૧૦૦.૦૦ બાદ જતા બાકી રહેતી રકમ રૂા.૨૮૫૯૬૧૮.૪૦ પૈકી RBI ના Master Circular ૦૧/૦૭/૨૦૧૫ મુજબ રૂા. ૮,૨૪,૧૫૮.૦૦ IFR માં લઈ જતા બાકી રહેતી રકમ રૂા. ૨૦,૩૫,૪૬૦.૪૦ ની ફાળવણી પેટાનિયમ ૪૨ ક મુજબ નીચે પ્રમાણે છે.

અ.નં.	વિગત	રકમ
૧	૧૦% લેખે વૈદકીય હેતુ માટેના ફંડ ખાતે	૨,૦૩,૫૪૬.૦૦
૨	૧૦% લેખે શૈક્ષણિક હેતુ માટેના ફંડ ખાતે	૨,૦૩,૫૪૬.૦૦
૩	૫% લેખે સહકાર પ્રચાર ફંડ ખાતે	૧,૦૧,૭૭૩.૦૦
૪	૧૦% લેખે બેંક મહોત્સવ ઉજવણી ફંડ ખાતે	૨,૦૩,૫૪૬.૦૦
૫	૧૦% લેખે ધર્માદા ફંડ ખાતે	૨,૦૩,૫૪૬.૦૦
૬	૫૫% લેખે ઈનવેસ્ટમેન્ટ ફલ્કચુએશન રિઝર્વ ફંડ ખાતે	૧૧,૧૯,૫૦૩.૪૦
		૨૦,૩૫,૪૬૦.૪૦

તા.૦૧/૦૪/૨૦૨૧ થી ૩૧/૦૩/૨૦૨૨ સુધીના ડિજીટલાઈઝેશન ટ્રાન્ઝેકશનના આંકડા

Internet Banking "Auto Bank" & Mobile Application "GUCB"

ATM	Nos	Amount
Cash Withdrawal	10106	64931860.00
At POS	1564	5024100.00
E Com	5948	12827021.00

IMPS	Nos	Amount
Inward	16091	286800015.00
Outward	5747	60165578.00
Intra	4471	391992217.00

NEFT/RTGS	Nos	Amount
Inward	21159	2336078929.00
Outward	60856	13312639088.00

BBPS	Nos	Amount
Outward	504	4141953.00

UPI	Nos	Amount
Inward	18830	97322583.00
Outward	22620	45326374.00

	User
Net Banking User (Auto Bank View only)	1523
Mobile Banking User	4707

બેંકની પ્રગતિના આંકડા

(૧) સભ્ય સંખ્યા : તા. ૩૧-૦૩-૨૦૨૨ ના રોજ બેંકના કુલ સભાસદો ૮૨૭૫ છે.

(૨) શેર ભંડોળ : તા. ૩૧-૦૩-૨૦૨૨ ના રોજ રૂા. ૧,૯૬,૪૩,૧૫૦.૦૦ છે

(૩) રીઝર્વ ફંડો : તા. ૩૧-૦૩-૨૦૨૨ ના રોજ રીઝર્વ ફંડો રૂા. ૧૨,૮૪,૦૭,૦૯૨.૩૫ છે જે એક વર્ષના સમય દરમ્યાન રૂા. ૧૬૯૨૮૧૮૪.૦૦ નો વધારો થયેલ છે.

(૪) થાપણો : તા. ૩૧-૦૩-૨૦૨૨ ના રોજ કુલ થાપણો રૂા. ૧૦૧૨૩૦૯૦૪૯.૮૪ જે એક વર્ષ ના સમય દરમ્યાન ૮૯૮૨૮૦૮૧.૮૦ નો વધારો થયેલ છે. બેંકની CASA ડીપોઝીટ ૬૧.૧૫% છે.

(૫) DICGC : આપની બેંક ડીપોઝીટ ઈન્સ્યુરન્સ એન્ડ ક્રેડીટ ગેરંટી કોર્પોરેશનની સભ્ય હોય **રૂા.૫,૦૦,૦૦૦/-** સુધીની થાપણો વિમા સુરક્ષીત છે. બેંકે **તા. ૩૦-૦૯-૨૦૨૨** સુધીનું પ્રિમીયમ **તા. ૦૬-૦૪-૨૦૨૨ ના રોજ મોકલી આપેલ છે.**

(૬) ધીરાણ : તા. ૩૧-૦૩-૨૦૨૨ ના રોજ કુલ ધિરાણ રૂા. ૩૭૯૪૩૪૯૦૫.૯૯ છે જે એક વર્ષના સમય દરમ્યાન **રૂા.૨૬૮૮૬૩૬૮.૬૩** નો વધારો થયેલ છે. બેંકનો CD રેસીયો ૩૭.૪૫% છે.

(૭) નફો :

વર્ષ	કરેલ નફો
તા. ૩૧-૦૩-૨૦૧૯	૨,૦૨,૫૩,૬૦૬.૬૬
તા. ૩૧-૦૩-૨૦૨૦	૨,૨૪,૦૦,૮૦૧.૬૬
તા. ૩૧-૦૩-૨૦૨૧	૨,૩૭,૫૫,૮૭૩.૦૮
તા. ૩૧-૦૩-૨૦૨૨	૨,૬૨,૦૧,૭૧૮.૪૦

(૮)

- આપની બેંકમાં ડીરેકટરોને તથા સગાસંબંધીઓને કોઈ જાતનું ધિરાણ કરેલ નથી (ફકત ફીકસડીપોઝીટ સામે ધિરાણ સિવાય).
- રીઝર્વ બેંક પ્રાયોરીટી સેકટર તથા વિકર સેકટરને ધિરાણ કરવા જે ટકાવારી નકકી કરેલ છે તેનાથી વધુ ધિરાણ બેંકએ આ ક્ષેત્રમાં કરેલ છે.
- એસ. એલ. આર. તથા સી. આર. આર. જળવાઈ રહે છે.
- સી. આર. એ. આર. ૨૧.૭૯% છે.

(૯) રોકાણો :

- ગર્વમેન્ટ સીક્યુરીટીમાં
- ગુજરાત સ્ટેટ કો.ઓ. બેંકમાં એફ.ડી.
- પંચમહાલ ડી. કો. ઓ. બેંકમાં એફ.ડી.
- યુકો બેંકમાં એફ.ડી.
- આઈ.ડી.એફ.સી. ફર્સ્ટ બેંકમાં એફ.ડી.
- આઈ.સી.આઈ.સી.આઈ. બેંકમાં એફ.ડી.
- એ.યુ. સ્મોલ ફાયનાન્સ માં એફ.ડી.
- ઉજ્જીવન સ્મોલ ફાયનાન્સ બેંકમાં એફ.ડી.

(૧૦) બેન્કર્સ : (૧) એસ.બી.આઈ. - ગોધરા (૨) બી.ઓ.બી. - ગોધરા (૩) આઈ.ડી.બી.આઈ બેંક - ગોધરા
(૪) એક્સીસ બેંક - ગોધરા (૫) પી.ડી.સી. બેંક - ગોધરા
(૬) આઈ.સી.આઈ.સી.આઈ. બેંક - ગોધરા (૭) જી.એસ.સી. બેંક - અમદાવાદ
(૮) એયુ સ્મોલ ફાયનાન્સ બેંક - ગોધરા (૯) બરોડા ગુજરાત ગ્રામીણ બેંક - ગોધરા

ગ્રાહકજોગ

- **સેઈફ ડીપોઝીટ વોલ્ટ :**

  બેંકમાં સેઈફ ડીપોઝીટ વોલ્ટની સગવડ છે. બેંકના ખાતેદારોને જણાવવાનું કે ખાતેદારોની ચાવી ઉપર બેંકની છાપ કરવાની બાકી હોય તેઓએ બેંકમાં આવી ચાવી ઉપર બેંકની છાપ કરાવી લેવી તથા જે લોકર્સ ધારકોએ લોકર્સ રીસીપ્ટની રકમ ભરેલ નથી તેઓએ તાત્કાલીક ભરી સહકાર આપવા વિનતી છે. તેમજ જે લોકર્સ ધારકોના ભાડાની રકમ બાકી હોય તેઓએ બેંકમાં આવી તુરંત ભરપાઈ કરી જવી જેથી આપને લોકર્સ ઉપયોગ કરવામાં અસુવિધા ન થાય.

  રિઝર્વ બેંકના નિયમાનુસાર લોકર્સધારકોએ વર્ષમાં ઓછામાં ઓછા એક વખત લોકર્સ ઓપરેટ કરવું.

- **મોબાઈલ એપ ના વપરાશ અંગે :**

  બેંક દ્વારા મોબાઈલ બેકીંગની સુવિધા ચાલુ કરેલ હોય તેમા RTGS/NEFT તેમજ IMPS દ્વારા ફંડ ટ્રાન્સફર તેમજ સ્ટેટમેન્ટ, E-MAIL દ્વારા તથા ચેક બુક માંગણા, ચેક સ્ટોપ પેમેન્ટ, ATM કાર્ડ બ્લોક જેવી સુવિધા ઓ ઉપલબ્ધ હોય તમારા કામકાજને ઝડપી તેમજ સરલ બનાવવા આ સેવાનો ખાતેદારોએ વધુમાં વધુ લાભ લેવો.

- **ડેબીટ કાર્ડ (RUPAY ATM) :**

  બેંક ભારતના તમામ ATM કેન્દ્ર ઉપરથી આ કાર્ડ દ્વારા રોકડ નાણાં મેળવી શકે છે. તેમ જ આ કાર્ડ દ્વારા ઓનલાઈન શોપીંગ, રેલ્વે ટીકીટનું બુકીંગ, બીલોના પેમેન્ટ તથા (POS) ઉપર સ્વાઈપ કરી ખરીદી કરી શકાય છે. તમામ ખાતેદારોએ આ સુવિધાનો લાભ લેવો

- **POS (POINT OF SALE) :**

  બેંકના ચાલુ ખાતાધારકોની સુવિધા માટે બેંકએ POS (Point of Sale) મશીનની સગવડ ચાલુ કરેલ છે. તેનાથી ચાલુ ખાતેદારોને રોકડ તથા ચેક ન હોય તો પણ આ મશીનથી ખાતેદાર પોતાની લેણી રકમ પ્રાપ્ત કરી શહે છે. તેનો ચાલુ ખાતેદારોએ લાભ લેવો

- **SARVATRA CARD SAFE :**

  આપણી બેંકએ ગ્રાહકોના ATM કાર્ડને સુરક્ષિત કરવા માટે SARVATRA CARD SAFE ની સેવા ચાલુ કરેલ છે. ATM કાર્ડ ધરાવતા ગ્રાહકોએ SARVATRA CARD SAFE એપ્લીકેશન ડાઉનલોડ કરી આપનો કાર્ડ સુરક્ષીત કરવો. વધુ જાણકારી માટે બેંકનો સંપર્ક કરવો. **"તમારી સુરક્ષા તમારા હાથમાં"**

- **BBPS :**

  બેંકએ BHARAT BILL PAYMENT SERVICE (BBPS) ની સેવા ચાલુ કરેલ છે. જેના દ્વારા તમો લાઈટબીલ, ટેલીફોન બીલ, ગેસ બીલ, પાણી બીલ, મોબાઈલ બીલ પેમેન્ટ, ફાસ્ટેગનુ પેમેન્ટ જેવી BBPS માં આવતી અન્ય તમામ બીલોના પેમેન્ટની સગવડ બેંકમાં તથા MOBILE APPLICATION માં ઉપલબ્ધ છે. તેનો ખાતેદારો એ ઉપયોગ કરવો.

- **નિષ્ક્રિય ખાતેદારો માટે :**

  આથી દરેક ખાતેદારોને જણાવવાનું કે રીઝર્વ બેંક ઓફી ઈન્ડીયાની ગાઈડ લાઈન્સ મુજબ જે ખાતેદારો એ બેંકમાં છેલ્લા દશ વર્ષથી પોતાના ખાતામાં કોઈપણ લેવડ દેવડ ન કરી હોય તેવા ખાતા નિષ્ક્રિય ખાતા તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. તેવા ખાતા Un Claim કરી તેવા ખાતાની જમા રકમ રીઝર્વ બેંકમાં જમા કરાવી દેવામાં આવે છે. જેથી કરી ખાતેદારોને જણાવવાનું કે તમારા ખાતામાં KYC આપી લેવડ દેવડ કરી ખાતા ચાલુ કરાવી દેવુ જેની દરેક ખાતેદારોએ નોંધ લેવી.

- **KYC અંગે વિશેષ નોંધ :**

  આર.બી.આઈ. ના આદેશ અનુસાર દરેક સભાસદ મિત્રો, ખાતેદારશ્રીઓએ બેંકમાં જુના અથવા નવા ખાતામાં પાન કાર્ડ તેમજ એડ્રેસ પ્રુફ આપવું જરૂરી છે. તો આપ સૌને વિનંતી કે કરંટ, સેવિંગ તેમજ આપને સંલગ્ન તમામ ખાતાઓમાં જરૂરી પુર્તતા કરી નીચે જણાવેલ પ્રમાણીત કરેલ ઝેરોક્ષ નકલ સેલ્ફ એટેસ્ટેડ કરી બેંકમાં રૂબરૂ આવી આપી જશો.

- સેવીંગ્સ તથા સંલગ્ન ખાતા :- (૧) પાસપોર્ટ સાઈઝના ફોટા નં. ૧ (૨) આઈ.ડી.પ્રુફ-પાનકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, ચુંટણી કાર્ડ કે પાસપોર્ટ કોઈપણ એક (૩) એડ્રેસ પ્રુફ ડ્રાઈવીંગ લાયસન્સ, ચુંટણી કાર્ડ, પાસપોર્ટ, આધારકાર્ડ, Job Card Issued by NREGA, Latter issued by UIA ગમે તે એક
- કરંટ ખાતુ :- સંસ્થાનું પાનકાર્ડ, ગુમાસ્તાધારાનું લાયસન્સ, જી.એસ.ટી. રજીસ્ટ્રેશનની કોપી, પાર્ટનરશીપ હોય તો પાર્ટનરશીપ ડીડ, દરેક પાર્ટનરના ફોટોગ્રાફ, આઇડી પ્રુફ, એડ્રેસ પ્રુફ, ધંધાના સ્થળનો પુરાવો, વિગેરે.

- **ફિકસ ડીપોઝીટ ખાતેદાર જોગ :**
  - આથી અમારા માવંતા ગ્રાહકોને જણાવવાનું કે ઈન્કમટેક્ષના કાયદા પ્રમાણે ફિકસ ડીપોઝીટના વ્યાજની રકમ એક નાણાંકીય વર્ષમાં રૂા. ૪૦,૦૦૦/- તથા સીનીયર સીટીઝનને રૂા. રૂા. ૫૦,૦૦૦/- થી વધુ થાય તો રકમ ઉપર T.D.S. કાપવાનો થાય છે.
- જે ઈન્કમટેક્ષની કાયદાની કલમ 206AA (NO.2) 2009 ની જોગવાઇ પ્રમાણે
  (૧) જે વ્યક્તિની આવક T.D.S. પાત્ર હોય તો તેઓએ પોતાનો PAN NO. ફરજીયાત આપવો પડશે.
  (૨) જે વ્યક્તિ ફોર્મ 15H/15G આપવામાં આવે તો પણ તેમને પણ ફોર્મમાં PAN NO. આપવો પડશે.
- ઉપરોકત બન્ને કિસ્સામાં વ્યક્તિ PAN NO. ની ઝેરોક્ષ કોપી સેલ્ફ એટેસ્ટેડ નહી આપે તો ૨૦% અથવા પ્રવર્તમાન દર બન્નેમાંથી જે વધુ હશે તે પ્રમાણે T.D.S. કાપવામાં આવશે. જેની દરેક ફીકસ ડીપોઝીટરે નોંધ લેવાની વિનંતી છે.

- **C.T.S. કલીયરીંગ :**
  - આથી દરેક ખાતેદારોને જણાવવાનું કે આપની બેંકમાં ૨૦૧૭ થી સી.ટી.એસ. કલીયરીંગની સગવડ ચાલુ છે. તેમાં તમારા જમા કરવા માટે બહારગામના ચેકોનું ઝડપી કલીયરીંગ થાય છે જેથી બહારગામના ચેકો અમારી બેંક મારફતે જમા કરાવવાનો આગ્રહ રાખો.
- **P.P.S.** (Positive Payment System)
  - પોઝીટીવ પેમેન્ટ સીસ્ટમ દ્વારા આપના ૫૦,૦૦૦ થી ઉપરના ચેકો બીજાને લખવામાં આવે ત્યારે તેની જાણ બેંકને કરવી જેથી તમારા પાસ થવાને માટે આવેલ ચેક ખરેખર યોગ્ય છે કે નથી તેની બેંકને જાણ થાય. જેથી આપના ચેકોમાં થતા ખોટા ગેરઉપોગ ફ્રોડથી આપ બચી શકો છો. તેમજ રૂા. ૫,૦૦,૦૦૦ કે તેથી વધુ ઉપરના લખેલ ચેકો માટે ફરજીયાત બેંકને જાણ કરવી.

- **ATM કાર્ડ :**
  - આપનો ડેબીટ કાર્ડ નંબર CVV, OTP, ATM પીન કોઇને આપશો નહીં કેમ કે બેંક કયારે પણ તમારી આવી ગુપ્ત માહીતી માંગતી નથી. બેંકના કર્મચારી પણ તમારા પાસે આવી માહીતી માંગતા નથી કે આવી માહીતી માટે ફોન પણ કરતા નથી.
  - ATM કાર્ડ નો ઉપયોગ તમારી નજર સમક્ષ કરવાનો આગ્રહ રાખવો.
  - તમારા ATM પાસવર્ડ મહીનામાં એક વખત બદલવાનો આગ્રહ રાખો.
  - E-Commerce-POS-ATM : બેંકમાંથી લીધેલ ATM કાર્ડનો નિયમિતપણે ઉપયોગ કરવા આપના ATM કાર્ડમાં રોકડ ઉપાડ, E-Comm. Transaction, POS Transaction થયેલ હશે તો અકસ્માતથી થયેલ મૃત્યુ સમયે જો ૯૦ દિવસમાં આપના ATM થી ઉપર મુજબ માંથી એક વ્યવહાર થયેલ હશે તો અકસ્માત મૃત્યુ વીમા ના રૂા. ૧ લાખ આપને મળવાપાત્ર રહેશે. વધુ વિગત માટે બેંક નો સંપર્ક કરવો.

- **વીમા અંગે :**
  - બેંક IRDA માં મેમ્બર હોય બેંકના ખાતેદારો ને જણાવવાનું કે આપના તમામ પ્રકારના વિમા કે લાઇફ ઇન્સ્યોરન્સ વીમા (વ્હીકલ, મકાન, સ્ટોક, ચીજ વસ્તુ તથા ટેક્ષમાં બાદ મળે તેવા વીમા) બેંક માંથી લેવાનો આગ્રહ રાખો.

ડૉ. ઇસુફી એ. સાહેરવાલા
વાઇસ ચેરમેન

પેટા કાયદા નંબર	ચાલુ પેટા કાયદો	સુધારેલો પેટા કાયદો	સુધારાના કારણો
૮	આ બેન્કનું કાર્યક્ષેત્ર સમગ્ર પંચમહાલ , દાહોદ, મહીસાગર તેમજ વડોદરા જીલ્લા માં રેહશે. આ અંગે રજીસ્ટ્રાર ઓફ કો.ઓ. સોસાયટી તેમજ રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા ની પુર્વ મંજુરી રીઝર્વ બેંકના પરિપત્ર Master Circular on Area of Operation, DCBR. LS. (PCB) MC. No. 16/07. 01. 000/2015-16 Dated July 01,2015 માં દર્શાવ્યા મુજબ મેળવવાની રહેશે.	આ બેન્કનું કાર્યક્ષેત્ર સમગ્ર પંચમહાલ , દાહોદ, મહીસાગર, વડોદરા, ખેડા તેમજ છોટાઉદેપુર જીલ્લા માં રેહશે. આ અંગે રજીસ્ટ્રાર ઓફ કો.ઓ. સોસાયટી તેમજ રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા ની પુર્વ મંજુરી રીઝર્વ બેંકના પરિપત્ર Master Circular on Area of Operation, DCBR. LS. (PCB) MC. No. 16/07. 01. 000/2015-16 Dated July 01,2015 માં દર્શાવ્યા મુજબ મેળવવાની રહેશે.	બેંકનુ કાર્યક્ષેત્ર વધારવા માટે
૩૭/૧	જાત જામીન લઈને બેંકના બે સભાસદો કે જેઓની શાખ પહોંચતી હશે તેમની જામીનગીરી ઉપર એક સભાસદને રોકડ શાખ ખાતે અથવા ઓવરડ્રાફટ તરીકે અથવા ઉપર જણાવેલ એક અગર વધુ પ્રકારે પણ વધુમા વધુ રૂા.૨૦,૦૦૦/- ની હદ સુધી ધીરવામાં આવશે.	જાત જામીન લઈને બેંકના બે સભાસદો ને તેમની જામીનગીરી ઉપર એક સભાસદને રોકડ શાખ ખાતે અથવા ઓવરડ્રાફટ તરીકે અથવા ઉપર જણાવેલ એક અગર વધુ પ્રકારે પણ વધુમા વધુ રૂા.૨,૦૦,૦૦૦/- ની હદ સુધી રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના Master Circular DCBR.CO.BPD.(PCB) MC No.13/13.05.000/2015-16 dated July 01,2015 મુજબ ધિરાણ કરવામાં આવશે.	ધિરાણ વધારવાના હેતુ થી.
૩૭/૫	સોનાની લગડી તથા સોનાના નક્કડ દાગીના ઉપર તેની બજાર કીમત ના ૭૦% સુધી અને ચાંદીની લગડી તેમજ નક્કડ દાગીના ના અવેજ ઉપર તેની બજાર કિંમતના ૬૦% સુધીની રકમ વ્યવસ્થાપક કમીટી એ ઘડેલા નિયમો અનુસાર ધિરવામા આવશે પરંતુ આવા ધિરાણ ની વ્યકિતગત હદ વધુ માં વધુ રૂા.૩૦,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા ત્રીસ લાખ) રહેશે. અને આવા પ્રકારના એકંદર ધિરાણ બેંકના કામકાજના ભંડોળના ૧૦% થી વધુ હોય શકશે નહી.	સોનાની લગડી તથા સોનાના નક્કડ દાગીના ઉપર તેની બજાર કીમત ના ૭૦% સુધી અને ચાંદીની લગડી તેમજ નક્કડ દાગીના ના અવેજ ઉપર તેની બજાર કિંમતના ૬૦% સુધીની રકમ વ્યવસ્થાપક કમીટી એ ઘડેલા નિયમો અનુસાર ધિરવામા આવશે પરંતુ આવા ધિરાણ ની વ્યકિતગત / ગ્રુપ ધિરાણ ની હદ રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા ના Circular DOR (PCB) BPD. Cir.No. 10/ 13.05. 000 /2019-20 dated March 13,2020. મુજબ બેંકના ધિરાણ ના એકસપોઝર લીમીટ સુધી ધિરાણ કરવામાં આવશે.	ધિરાણ વધારવાના હેતુ થી.
૩૭/૬	બેંકના સભાસદોને તદ્દન નવી અથવા રજીસ્ટ્રેશન થયેલ ટ્રક, ટ્રેકટર, ટેમ્પો, મેટાડોર, જીપ, કાર, રીક્ષા, ટેકસી મોટર સાયકલ, સ્કુટર, મોપેડ અથવા તો બીજુ કોઇપણ વાહન જે બેંકની કમીટીને યોગ્ય લાગે તે હાયર પરચેઝ કરી બજાર કિમત ના ૭૫% સુધી તથા જુના વાહનોની ગવૅમેન્ટ	બેંકના સભાસદોને તદ્દન નવી અથવા રજીસ્ટ્રેશન થયેલ ટ્રક, ટ્રેકટર, ટેમ્પો, મેટાડોર, જીપ, કાર, રીક્ષા, ટેકસી મોટર સાયકલ, સ્કુટર, મોપેડ અથવા તો બીજુ કોઇપણ વાહન જે બેંકની કમીટીને યોગ્ય લાગે તે હાયર પરચેઝ કરી બજાર કિમત ના ૯૦% સુધી વધુમા વધુ ૧૦ (દશ) વર્ષ ના સમય ગાળા માટે બેંકની કમીટી ને યોગ્ય લાગેથી વાહનના ધિરાણ ની અવેજમા કોલેટર સીકયુરીટી લઇ શકશે તથા જુના વાહનોની ગવૅમેન્ટ વેલ્યુઅર પાસેથી	ધિરાણ વધારવાના હેતુ થી.

પેટા કાયદા નંબર	ચાલુ પેટા કાયદો	સુધારેલો પેટા કાયદો	સુધારાના કારણો
	વેલ્યુઅર પાસેથી વાહનની કિંમતની આકારણી કરી તેના ઉપર ૫૦% સુધી ત્રણ વર્ષ માટે બે સધ્ધર જામીનો લઇ તથા નવુ વાહન વધુ માં વધુ ૬૦ માસીક હપ્તાથી ભરપાઇ કરવાની શરતે બેંક લોન આપી શકશે. હપ્તાની તારીખ દર મહનાની ૧૦ મી તારીખે રહેશે. ઔધૌગીક મશીનરીને હાયર પરચેઝ કરી બજાર કિંમતના ૫૦% સુધી બે સધ્ધર જામીન લઈ વ્યકિતગત તથા પેઢીને રીઝૅવ બેંકના નિયમોની મર્યાદામાં ૮૪ માસીક હપ્તા ભરપાઇ કરવાની શરતે બેંક લોન આપી શકશે. હપ્તા ની તારીખ દર મહીનાની ૧૦ મી તારીખ રહેશે. આવા ધિરાણમાં લોન ની રકમ કરતા ડબલ રકમની કોલેટર સીકયુરીટી લેવાની રહેશે. આવા ધિરાણની હદ બેન્કના કામકાજના ભંડોળના૩૦% સુધી ની રહેશે.	વાહનની કિંમતની આકારણી કરી તેના ઉપર ૭૦% સુધી ત્રણ વર્ષ માટે બે સધ્ધર જામીનો લઇ માસીક હપ્તાથી ભરપાઇ કરવાની શરતે બેંક લોન આપી શકશે. ઔધૌગીક મશીનરીને હાયર પરચેઝ કરી બજાર કિંમતના ૭૫% સુધી બે સધ્ધર જામીન લઈ વ્યકિતગત તથા પેઢીને રીઝૅવ બેંકના નિયમોની મર્યાદામાં વધુમાં વધુ ૧૦(દશ) વર્ષના સમય માટે માસીક હપ્તા થી ભરપાઇ કરવાની શરતે બેંક લોન આપી શકશે. આવા ધિરાણમાં બેંકને યોગ્ય લાગેથી કોલેટર સીકયુરીટી લેવાની રહેશે. આવા ધિરાણ ની વ્યકિતગત / ગ્રુપ ધિરાણ ની હદ રીઝૅવ બેંક ઓફ ઇન્ડીયા ના Circular DOR (PCB) BPD. Cir.No. 10/ 13.05. 000 /2019-20 dated March 13,2020. મુજબ બેંકના ધિરાણ ના એકસપોઝર લીમીટ સુધી ધિરાણ કરવામાં આવશે.	ધિરાણ વધારવાના હેતુ થી.
૩૭/૭	ભારતીય જીવન વીમાની પોલીસીના સરેન્ડર વેલ્યુના ૮૦% સુધી પણ બેન્ક વ્યકિતને રૂા.૩૦,૦૦,૦૦૦/-(અંકે રૂપીયા ત્રીસ લાખ) પુરા સુધી બેન્ક નાણાં ધિરેશે પરંતુ આવા પ્રકારના એકંદર ધિરાણ બેન્કના કામકાજ ભંડોળના ૧૦% થી કોઇ પણ વખતે વધુ હોય શકશે નહી.	ભારતીય જીવન વીમાની પોલીસીના સરેન્ડર વેલ્યુના ૮૦% સુધી માસીક ૬૦ હપ્તા સુધી બેન્ક ધિરાણ ની વ્યકિતગત / ગ્રુપ ધિરાણ ની હદ રીઝૅવ બેંક ઓફ ઇન્ડીયા ના Circular DOR (PCB) BPD. Cir.No. 10/ 13.05. 000 /2019-20 dated March 13,2020. મુજબ બેંકના ધિરાણ ના એકસપોઝર લીમીટ સુધી ધિરાણ કરવામાં આવશે.	ધિરાણ વધારવાના હેતુ થી.
૩૭/૧૦	બેન્કના સભાસદોને ઘર વપરાશની ચીઝ વસ્તુઓ જેવી કે વીજળીનો પંખો, કબાટ,રેડીઓ, ટેપરેકોર્ડ, ટેલીવીજન, ફર્નીચર, સાયકલ, સીલાઇમશીન, ટાઇપરાઇટર, રેફ્રીજરેટર અથવા તો બેન્કની કમીટીને યોગ્ય લાગે તેવી ઘર વપરાશની ચીઝવસ્તુઓ હાયરપરચેઝ કરી બે જમીનો લઇ કિંમતના ૭૫% સુધી વધુમાં વધુ ૩૬ માસીક હપ્તેથી ભરપાઇ કરવાની શરતે, બેંન્ક લોન આપી શકશે. પરંતુ આવા ધીરાણની કુલ હદ બેંન્કના કામકાજના ભંડોળના ૩% સુધી રહેશે.	બેન્કના સભાસદોને ઘર વપરાશની ચીઝ વસ્તુઓ જેવી કે વીજળીનો પંખો, કબાટ,રેડીઓ, ટેપરેકોર્ડ, ટેલીવીજન, ફર્નીચર, સાયકલ, સીલાઇમશીન, ટાઇપરાઇટર, રેફ્રીજરેટર અથવા તો બેન્કની કમીટીને યોગ્ય લાગે તેવી ઘર વપરાશની ચીઝવસ્તુઓ હાયરપરચેઝ કરી બે જમીનો લઇ કિંમતના ૭૫% સુધી વધુમાં વધુ ૬૦ માસીક હપ્તેથી ભરપાઇ કરવાની શરતે, બેન્ક આવા ધિરાણ ની વ્યકિતગત / ગ્રુપ ધિરાણ ની હદ રીઝૅવ બેંક ઓફ ઇન્ડીયા ના Circular DOR (PCB) BPD. Cir.No. 10/ 13.05. 000 /2019-20 dated March 13,2020. મુજબ બેંકના ધિરાણ ના એકસપોઝર લીમીટ સુધી ધિરાણ કરવામાં આવશે.	ધિરાણ વધારવાના હેતુ થી.

પેટા કાયદા નંબર	ચાલુ પેટા કાયદો	સુધારેલો પેટા કાયદો	સુધારાના કારણો
૩૭/૧૧	બેંકના સભાસદો ને કાચા યા પાકા માલ ઉપર હાઇપોથીકેશન અગર પ્લેજ કરી માલ ની પડતર કિંમત અથવા બજાર કિંમત જે ઓછી હોય તેના ૬૦ % સુધી બે મિલ્કતવાળા જામીનો લઇ વ્યકિતગત અથવા પેઢીને રીઝર્વ બેંકની એકસપોઝર લીમીટ બે માંથી જે ઓછી હોય તે ૧ વર્ષની મુદત માટે (પરંતુ કમીટી ને યોગ્ય લાગેથી વખતો વખત રીન્યુ કરી શકશે.) લોન આપી શકાશે. આવા ધિરાણ ની કુલ હદ બેંકના કામકાજના ભંડોળના ૩૦% સુધી રહેશે.	બેંકના સભાસદો ને કાચા યા પાકા માલ ઉપર હાઇપોથીકેશન અગર પ્લેજ કરી માલ ની પડતર કિંમત અથવા બજાર કિંમત જે ઓછી હોય તેના ૭૦ % સુધી બે મિલ્કતવાળા જામીનો લઇ ધિરાણ ની વ્યકિતગત / ગ્રુપ ધિરાણ ની હદ રીઝર્વ બેંક ઓફ ઇન્ડીયા ના Circular DOR (PCB) BPD. Cir.No. 10/ 13.05. 000 /2019-20 dated March 13,2020. મુજબ બેંકના ધિરાણ ના એકસપોઝર લીમીટ સુધી ધિરાણ કરવામાં આવશે. આવા ધિરાણ ની મુદ્દત ૩ (ત્રણ) વર્ષની રહેશે પરંતુ આવા ધિરાણ ને દર વર્ષે જષ્ઈ પત્ર લઇ દર વર્ષે કમીટી ને યોગ્ય લાગેથી રીવ્યુ કરી શકશે. તથા મુદ્દતનો સમય પુર્ણ થયેથી કમીટી ને યોગ્ય લાગેથી રીન્યુ કરી શકાશે. આ ધિરાણ ને શોર્ટ ટર્મ (ટુકી મુદ્દત) તરીકે વર્ગિકૃત કરવામાં આવશે. આવા ધિરાણ ની વ્યકિતગત / ગ્રુપ ધિરાણ ની હદ રીઝર્વ બેંક ઓફ ઇન્ડીયા ના Circular DOR (PCB) BPD. Cir.No. 10/ 13.05. 000 /2019-20 dated March 13,2020. મુજબ બેંકના ધિરાણ ના એકસપોઝર લીમીટ સુધી ધિરાણ કરવામાં આવશે.	ધિરાણ વધારવાના હેતુ થી.
૩૭/૧૨	બેંન્કના સભાસદોને મકાન બાંધવા અગર તૈયાર મકાન ખરીદવા મીલ્કતની બજારકિમેંતના ૭૦% સુધી બે જામીનો મીલ્કત બેંન્કને શાનગીરો લખી આપી રૂા.૨૫,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા પચ્ચીસ લાખ પુરા) સુધી વધુમા વધુ ૧૦ (દશ) વર્ષ ના સમય માટે માસીક,ત્રીમાસીક,છ માસીક કે વાર્ષિક હપ્તેથી ભરપાઇ કરવાની શરતે બેંન્ક લોન આપીશકશે. બેંન્કના સભાસદોને ધંધો, વેપાર કે ઉધોગ માટે મીલ્કત બેંન્કને શાનગીરો લખીઆપી બે જામીનો લઇ મીલ્કતની બજારકિમેંતના ૭૦% સુધી રૂા.૨૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ લાખ પુરા) સુધી વધુમાં વધુ ૮ (આઠ) વર્ષના સમય માટે માસીક, વ્યાજ સહિત ના હપ્તેથી ભરપાઇ કરવાની શરતે બેંન્ક લોન આપી શકશે. આવુ ધિરાણ બેંકના કામકાજના ભંડોળના ૩૦% સુધી થઇ શકશે.	બેંન્કના સભાસદોને મકાન બાંધવા અગર તૈયાર મકાન / ફલેટ ખરીદવા મીલ્કતની બજારકિમેંતના ૭૫% સુધી બે જામીનો મીલ્કત બેંન્કને શાનગીરો લખી આપી વધુમા વધુ ૨૦ (વીસ) વર્ષ ના સમય માટે માસીક હપ્તેથી ભરપાઇ કરવાની શરતે બેંન્ક લોન આપી શકશે. બેંન્કના સભાસદોને ધંધો, વેપાર કે ઉધોગ માટે મીલ્કત બેંન્કને શાનગીરો લખીઆપી બે જામીનો લઇ મીલ્કતની બજારકિમેંતના ૭૫% સુધી વધુમાં વધુ ૧૫ (પંદર) વર્ષના સમય માટે માસીક હપ્તેથી ભરપાઇ કરવાની શરતે બેંન્ક લોન આપી શકશે. આવા ધિરાણ ની વ્યકિતગત / ગ્રુપ ધિરાણ ની હદ રીઝર્વ બેંક ઓફ ઇન્ડીયા ના Circular DOR (PCB) BPD. Cir.No. 10/ 13.05. 000 /2019-20 dated March 13,2020. મુજબ બેંકના ધિરાણ ના એકસપોઝર લીમીટ સુધી ધિરાણ કરવામાં આવશે.	ધિરાણ વધારવાના હેતુ થી.
૩૭/૧૩	શ્રી વાજપાઇ બેંન્કની યોજના હેઠળ બેરોજગારો ને ધંધે લગાડવાના હેતુથી ધિરાણ આપવા માટે જીલ્લા ઉધોગ કેન્દ્ર	શ્રી વાજપાઇ બેંન્કની યોજના /પ્રાઇમમીનીસ્ટર એમ્પ્લોયમેન્ટ જનરેશન યોજના હેઠળ તથા કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર ધ્વારા સરકાર ની યોજનાઓ મુજબ બેરોજગારો ને ધંધે લગાડવાના	ધિરાણ વધારવાના હેતુ થી.

પેટા કાયદા નંબર	ચાલુ પેટા કાયદો	સુધારેલો પેટા કાયદો	સુધારાના કારણો
	દ્વારા કો.ઓ.બેન્કોને ભલામણ કરી લોનપેપર મોકલવામાં આવે છે તે આવા સંજોગોમાં બેન્કને યોગ્ય લાગશે તો બેન્કનો સભાસદ હશે તો બેન્કના સભાસદો પૈકી ૨ (બે) મીલ્કતવાળા જામીનો લઇ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા કરેલ ભલામણની રકમ અગર રૂા.૬૦,૦૦૦/- (અંકે રૂા.સાઇઠ હજાર પુરા) આ બે પૈકી કે રકમ ઓછી હશે તે રકમ ૩૬ સરખા માસીક હપ્તોથી ભરપાઇ કરવાની રકમ બેંન્ક લોન આપી શકશે. આવી જાતનું ધીરાણ બેંન્કના કુલ ધિરાણના ૫% સુધી જ કરી શકાશે.	હેતુથી સબસીડી વાળા ધિરાણ આપવા માટે કો.ઓ.બેન્કોને ભલામણ કરવામા આવે છે આવા સંજોગોમાં બેંકની કમીટી ને યોગ્ય લાગેથી બેન્કના સભાસદ ને બેન્કના સભાસદો પૈકી ૨ (બે) જામીનો લઇ વધુમા વધુ ૧૦(દશ) વર્ષ ના માસીક હપ્તેથી ભરપાઇ કરવાની શરતે લોન આપી શકાશે. આવા ધિરાણ ની વ્યકિતગત / ગ્રુપ ધિરાણ ની હદ રીઝર્વ બેંક ઓફ ઇન્ડીયા ના Circular DOR (PCB) BPD. Cir.No. 10/ 13.05. 000 /2019-20 dated March 13,2020. મુજબ બેંકના ધિરાણ ના એકસપોઝર લીમીટ સુધી ધિરાણ કરવામાં આવશે.	
૪૨/અ ૭	નવીન	ચોખ્ખા નફાના ૧૫% સુધી ઇનવેસ્ટમેન્ટ ફલ્કચ્યુએશન રીઝર્વ ફંડ ખાતે લઇ જઇ શકાશે.	ફંડ વધરાવા ના હેતુથી જરૂરીયાત ન હોવાથી
૪૨/બ	રૂા.૧,૦૦૦/- વધુ નહી તેટલી રકમ મેનેજીંગ ડીરેકટરને એનોરેટીયમ તરીકે આપવામાં આવશે.પરંતુ તે સહકારી મંડળી તેના કયદાની કલમ-૬૫ની પેટાકલમ-(૨) તેમજ સેકશન-૨૮ ની મર્યાદાને આધીન રહેશે.	રદ્ કરવામા આવે છે.	
૪૨/ક ૩ ૪ ૫ ૬ ૭ ૮	૧૦% જેટલી રકમ બેંન્કના સભાસદોને અગર તેમના કુટંબીજનોને વૈદકીય હેતુ માટે મદદરૂપ થવા માટે કાઢવામાં આવશે. આ ફંડનો ઉપયોગ બેંન્કના કમીટીમાં અરજી મંજુર થયેલી કરી શકાશે. ૧૦% જેટલી રકમ બેંન્કના સભાસદોના કુટંબીજનોને શૈક્ષણિક હેતુ માટે મદદરૂપ થવા માટે કાઢવામાં આવશે. આ ફંડનો ઉપયોગ બેંન્કની કમીટીમાં મંજુર થયેથી કરી શકાશે. ૫% જેટલી રકમ સહકારપ્રચાર ફંડ ખાતે કાઢવામાં આવશે જેનો ઉપયોગ બેંન્કની કમીટી સહકારપ્રચાર તથા સહકારી શિક્ષણના ફેલાવા માટે સ્વતંત્ર રીતે અથવા જરૂર જણાય જીલ્લા સહકારી સંઘની મંજુરીથી કરી શકશે. ૧૦% જેટલી કરમ બેંન્કના મહોત્સવ ઉજવણી ફંડ ખાતે કાઢવામાં આવશે આ ફંડ નો ઉપયોગ કરતી વખતે જીલ્લા રજીસ્ટ્રારશ્રીની મંજુરી લેવાની રહેશે. ૧૦% જેટલી રકમ ધર્મોદા ફંડ ખાતે કાઢવામાં આવશે. ૫૫% જેટલી રકમ ઇન્વેસ્ટમેન્ટ ફલ્યકચુએશન રીઝર્વ ફંડ ખાતે કાઢવામાં આવશે.	૪૨ અ મુજબ ફાલવણી કર્યા પછી બાકી રહેતી રકમની ફાળવણી નીચે મુજબના ફંડો માં કરી શકાશે. ૧. વૈદકીય હેતુ માટે ના ફંડ ૨. શૈક્ષણિક હેતુ માટે ના ફંડ ૩. સહકાર પ્રચાર ફંડ ૪. બેંન્કના મહોત્સવ ઉજવણી ફંડ ૫. ધર્મોદા ફંડ ૬. ઇન્વેસ્ટમેન્ટ ફલ્યકચુએશન રીઝર્વ ફંડ ૭. સભાસદ મરણોત્તર યોજના સદર ફંડો વાપરવાની સત્તા બેકના બોર્ડ ઓફ ડાયરેકટરર્સ ને રહેશે.	જરૂરીયાત મુજબ ફંડ ફાળવણી કરવાના હેતુ થી.

Profit & Loss Account for the year ended 31/03/2022

EXPENDITURE	Rs. (2021)	Rs. (2022)	Rs. (2022)
1. Interest on deposit, borrowing,etc.	33590642.68		35328228.06
2. Salaries & allowances & Provident fund	14205852.00		15521019.60
3. Rent, Taxes, Insurance, lighting ,etc.	1374469.15		1549802.07
4. Law charges.	81000.00		247500.00
5. Postage, telegrams & telephone charges.	86372.43		82615.11
6. Auditor's fees.	360500.00		397800.00
7. Depreciation on & repairs to property.	567533.00		715202.00
8. Stationary , Printing & Advertisement	677023.00		989137.52
9. Other Expenditure.			
1. Mis Expenses	1209990.63	1303434.87	
2. Group Graduity LIC Pre	16049.00	600379.00	
3. Lavajam fees.	41500.00	51500.00	
4. Travelling Expenses.	131050.00	274166.16	
5. Staff leave Enchasement.	0.00	800000.00	
6. AMC Expen.	121755.64	127869.52	
7. Computer & Other Maintenance Ex.	173012.82	113609.84	
8. GOI Sec premium Amortization Exp.	203673.00	166498.00	
9. Air Condition Exp.	11900.00	98550.00	
10. Staff Graduity Provision Exp	750000.00	350000.00	
11. Bank Renovation Exp.	44090.00	101081.62	
12. Renovation Labour Exp.	15550.00	31240.00	
13. Bank Software Rent Exp A/c	189450.00	549100.00	
14. Advertisement Exp.	58300.00	119275.74	
15. Franking Machine Expence.	34580.00	55290.00	
16. Income Tax Provision Exp.	5200000.00	5700000.00	
17. Contizency Reserve fund Exp	1000000.00	0.00	
18. Building Fund Provision Exp	1000000.00	0.00	
19. Staff uniform Exp	29610.00	112277.00	
20. Staff Relief Fund	1500000.00	1000000.00	
21. Staff Training Exp	1200.00	18762.00	
22. SMS Exp	268780.00	346280.00	
23. Interest Paid on Borrowing	8720.00	5670.00	
24. Group Leave Enchse Lic Pre Exp	774366.00	100856.00	
25. A G M Exp	20655.00	62178.46	
26. ATM Card Expense	283107.65	429837.20	
27. CA & Vakil Fee	15000.00	0.00	
28. CTS Clearing Expe	48351.46	77222.96	
29. Mobile Application Exp	599081.42	296699.61	
30. Pro for B and Doub. Debt 36(1)(VIIA)	1800000.00	2200000.00	
31. Cash Counting Machine Exp	5200.00	0.00	
32. Commission Expence	275755.35	23845.97	
33. GST Reversal	399502.00	443531.05	
34. Non performing expenses	164858.00	37038.00	
35. POS Machine expense	30381.50	24306.00	
36. Cyber Security Fund Expence	2000000.00	3000000.00	
37. Website Expences	8000.00	0.00	18620499.00
10. Balance of Profit	10505873.00		13151718.40
	79882734.73		**86603521.76**

Profit & Loss Account for the year ended 31/03/2022

INCOME		Rs. (2021)	Rs. (2022)	Rs. (2022)
1.	Interest and discount.	47074889.23		41541389.82
2.	Interest on GOI Security	30654995.09		42043634.30
3.	Commission, Exchange and brokerage.	149950.44		212483.76
4.	Subsidies and donations.	0.00		0.00
5.	Income from non – banking assets & profit from sale of or dealing with such assets.	0.00		0.00
6.	Profit from sale of G.O.I security.	187875.00		824158.00
7.	Other receipts.			
1.	Share Transfer Fees.	25.00	0.00	
2.	Mis. Income.	545911.92	503985.17	
3.	Dividend Income.	0.00	750.00	
4.	Lockers Rent.	582161.48	526346.28	
5.	Commission On Stamp Duty	150000.00	160000.00	
6.	Stationary Income	3900.00	10184.74	
7.	ATM Debit Card Income	377997.98	441788.52	
8.	MMS Acceptence charge	20162.59	16871.81	
9.	Clearing House Rent Income	0.00	0.00	
10.	PMJJBY Commisison A/c	1476.00	1814.00	
11.	PMSBY Commisison A/c	90.00	124.00	
12.	POS Machine Income	5550.00	6000.00	
13.	Incometax Refund Int	58550.00	49160.00	
14.	Int Receive on Non-SLR Int	69200.00	134770.00	
15.	Mobile App tran charge entry	0.00	10444.94	
16.	Income Receivable	0.00	119616.42	1981855.88
8. Loss if any.				
		79882734.73		**86603521.76**

Mustufa H. Poonawala
Chairman

P. G. Patel & Associates
Chartered Accountants
M.No: 035533 - FRN: 112283W
Panel No.142

Dr. Esufi A. Saherwala
Vice Chairman

Mikail M. Lokhandwala
Director

Tasneem M. Poonawala
Director

Bhupendra R. Shah
Director

Mo. Javed A. Foda
Director

Azima O. Jinwala
Director

Dr. Jamila M. Maksud
Director

Neeta A. Parmar
Director

Ramila S. Nayak
Director

Asgari N. Saherwala
CEO

Fidaali M. Antelawala
Manager

Balance Sheet as on 31/03/2022

CAPITAL & LIAIBILITIES	Rs. (2021)	Rs. (2022)	Rs. (2022)
1. Capital			
(i) Authorised Capital.			
Share of Rs.25 each.			
12,00,000 Share of Rs. 25 each	30000000.00	30000000.00	
(ii) Suscribed Capital.			
Share of Rs. 25 each.			
785726 Share of Rs. 25 each.		19643150.00	
(iii) Amount called up.			
On Share at Rs. 10 each			
less calls unpaid.			
On 785726 Share at Rs. 25 each			
less calls unpaid.		19643150.00	
Of (iii) Above, held by			
(a) Individuals.	18324650.00	19643150.00	
(b) Co-op. Institutions.		0.00	
(c) State Government.		0.00	19643150.00
2. Reserve fund & other reserves			
i. Statutory Reserve.	27429458.13	31953348.13	
ii. Agriculture (credit stabilization fund)	0.00	0.00	
iii. Building fund. (Net Profit)	3947614.58	6048789.58	
iv. Dividend Equalization fund.	1461751.65	1671868.65	
v. Special bad debts Reserve.	6000000.00	8200000.00	
vi. Bad & doubtful debt Reserve.	18064656.47	19640537.47	
vii. Investment Depriciation Reserve.	4101564.00	4295564.00	
viii. Investment fluctuation Reserve.	7014928.43	8193997.43	
ix. Building Fund Gross	14000000.00	14000000.00	94004105.26
x. Other fund & Reserve (Specified)			
1. Sahakar Prachar fund.	412430.06	502618.06	
2. Charity fund.	603687.37	784063.37	
3. Medical purpose charity fund.	350772.61	406648.61	
4. Educational purpose charity fund.	371974.57	494875.57	
5. Jubily celebration fund.	3016968.48	3197344.48	
6. Staff graduity fund.	3114637.00	3464637.00	
7. Interest debited but not receivable	167051.00	156830.00	
8. Provision for Standard Assets.	1500211.00	1500211.00	
	109882355.35		**113647255.26**

Asgari N. Saherwala
CEO

P. G. Patel & Associates
Chartered Accountants
M.No: 035533 - FRN: 112283W
Panel No.142

Fidaali M. Antelawala
Manager

Balance Sheet as on 31/03/2022

PROPERTY AND ASSETS	Rs. (2021)	Rs. (2022)	Rs. (2022)
1. Cash.	40321818.00		30313385.00
In hand & with Reserve Bank,			
State Bank of India, State Co-op.			
Bank and Central Co-op. Bank.			
2. Balance with other banks:			
(i) Current deposit.	81544497.56		112799649.38
(ii) Savings Bank deposit.	0.00		0.00
(iii) Fixed deposit.			
